# પુ●ના International School
Shree Swaminarayan Gurukul, Zundal

| HALF YEARLY EXAMINATION (2020 - 21) | | | | | |
|---|---|---|---|---|---|
| Student's Name: | | Grade | VII | Roll No. | |
| Date: | 12/09/2020 (Saturday) | Time | 3 hrs. | Subject | GUJARATI |
| Teacher's Sign. | | | | Total marks | 80 |

## SECTION: A READING

પ્રશ્ન 1 ( અ ) નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો 10 માર્ક્સ

હવાનું પ્રદૂષણ, પાણીનુ પ્રદૂષણ તેમ અવાજનું પ્રદૂષણ પણ દિનપ્રતિદિન વધતુ જાય છે. આ એક ચિંતાનો વિષય છે. ઘરમાં શાળામાં,સભામાં કે રમતના મેદાનમાં મોટેથી વાતો કરવી એ કુટેવ છે. એવી જ રીતે રેડિયો કે ટેલિવિઝનનો અવાજ મોટો રાખવો એ શિષ્ટાચારની વિરુધ્ધ છે. નવરાત્રિ કે લગ્નપ્રસંગે રાતે મોડે સુધી કાનનાં પડદા તોડી નાખે એવો લાઉડસ્પીકરનો અવાજ રાખવો એ સામાજિક દૂષણ છે. અવાજનું પ્રદૂષણ ઘટાડવું એ શું આપણા હાથમાં નથી ? આવો, આપણે સાથે મળી અવાજનું પ્રદૂષણ ઘટાડવાનો સંકલ્પ કરીએ. આપણે ઘર, શાળા, સભા, કે મેદાન પર શાંતિ જાળવીશું. રેડિયો અને ટેલિવિઝનનો અવાજ બહુ ધીમો રાખીશું. નવરાત્રિ કે લગ્ન જેવા પ્રસંગે લાઉડસ્પીકરનો મર્યાદિત ઉપયોગ કરીશું.

પ્રશ્નો
1 ) આપણા સૌ માટે ચિંતાનુ કારણ ક્યુ છે ?
2) ક્યા પ્રસંગોએ રાતે મોડે સુધી લાઉડસ્પીકરનો ઉપયોગ થાય છે?
3) શું કરવું શિષ્ટાચારની વિરુધ્ધ છે ?
4) અવાજનું પ્રદુષણ ઘટાડવા આપણે ક્યો સંકલ્પ કરીશું?
5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

પ્રશ્ન 1 ( બ ) નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો 10 માર્ક્સ

પગલે પગલે સાવધ રહીને
પ્રેમળતા પ્રગટાવ્યે જા.
અંતરને અજવાળી વીરા
પંથ તારો કાપ્યે જા.
કાંટા આવે, કંકર આવે, ધોમ ધખતી રેતી આવે,
ખાંડાની ધારે ને ધારે, ધૈર્ય ધરી ચાલ્યો જા.
દુર્ગમ પંથ કાપ્યે જા.
હિંમત તારી ખોતો ના, સ્વાર્થ સામે જોતો ના,
શિસ્ત, શાંતિ ને સેવાનો તુ, પાઠ સૌને આપ્યે જા.

દુર્ગમ પંથ કાપ્યે જા.

પ્રશ્નો : 1) કવિએ પંથ કેવી રીતે કાપવાની વાત કરી છે ?

2) ખાંડાની ધારે કેવી રીતે ચાલવાનું કહે છે ?

3) કવિ કોને અજવાળવાનું કહે છે ?

4) રસ્તે ચાલતા વચ્ચે શું આવે છે ?

5) કવિ સૌને શું આપવા કહે છે ?

## SECTION: B WRITTING

પ્રશ્ન 2 ( અ ) નીચેના વિશે નિબંધ લખો. [ કોઈપણ એક ] [ 10 MARKS ]

1) ચબૂતરો 2) માતૃપ્રેમ

પ્રશ્ન 2 ( બ ) નીચેના મુદ્દા પરથી વાર્તા લખો. [ 10 MARKS ]

એક ખેડૂત - ચાર દીકરા - દીકરા વચ્ચે કુસંપ - ખેડૂતને ચિંતા - ખેડૂતની માંદગી - ચારે દીકરાને બોલાવવાં - લાકડીઓની ભારી મંગાવવી - દરેક દીકરાને લાકડીઓની ભારી ભાંગવા કહેવું - ભારી ન ભાંગી શક્યા - લાકડીઓ છૂટી પાડી એક એક લાકડી ભાંગવા કહેવું - એક એક લાકડીઓ તરત ભાંગી શક્યાં - બોધ.

## SECTION: C GRAMMER

પ્રશ્ન 3 ( અ ) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો. [ 5 MARKS ]

1) લોકો 2) પાત્ર 3) આંખ

4) નાદ 5) ખબર

પ્રશ્ન 3 ( બ ) નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દો લખો. [ 5 MARKS ]

1) થોડું 2) નાના 3) સત્ય

4) સંગ 5) સુખ

પ્રશ્ન 3 ( ક ) નીચેના શબ્દોનો વાક્યોમાં પ્રયોગ કરો. [ 5 MARKS ]

1) ચબૂતરો 2) પ્રામાણિક 3) આનંદ

4) વન 5) ઉતાવળ

પ્રશ્ન 3 ( ડ ) નીચેના શબ્દોની જોડણી સુધારો. [ 5 MARKS ]

1) પક્ષિ 2) મુસકેલ 3) ગૃહસથ

4) આકાસ 5) જાડ

# SECTION: D    LITRATURE

પ્રશ્ન 4 ( અ ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. **[ 8 MARKS ]**

1) ચબુતરો કોના માટે બાંધવામાં આવ્યો હતો?
2) ચબુતરામાં શું નાંખવામાં આવે છે?
3) કવિ પ્રકૃતિમાં કોના દર્શન કરે છે?
4) ઈશ્વર સંતાકૂકડી ક્યાં રમી રહ્યો છે?
5) મોચી પરચુરણ લેવા જવાનું કહે છે ત્યારે સાધુ શું કહે છે?
6) મોચીભગત નવા ઓજારો ક્યારે વસાવી શક્યા?
7) ગળે પડવાની ટેવ કઈ બીમારીને વધારે હોય છે?
8) ઇનામની શરત કોને સ્વીકારી ?

પ્રશ્ન 4 ( બ ) નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર વાક્યમાં લખો. ( કોઇ પણ છ ) **[ 12 MARKS ]**

1) મોચીને ક્યારે દુ: ખ થયુ?
2) કવિના મનમાં બધુ જ સુંદર જોઈને શો વિચાર આવે છે?
3) લેખકને પેલા સજ્જ્ન વિશેની કઈ વાતની ખબર ન હતી?
4) સજ્જનને સમજવામાં કંઈક ભૂલ કરી છે તેવુ લેખકને ક્યારે લાગ્યુ?
5) શાહીનો ખડિયો કેવી રીતે ફૂટી ગયો ?
6) બાદશાહ શાથી આશ્ચર્યમાં ડૂબી ગયા ?
7) અશ્વિને એક અંધ વ્યક્તિની મદદ કેવી રીતે કરી?